Process Safety Beacon

http://www.aiche.org/CCPS/Publications/Beacon/index.aspx

ઉત્પાદન પ્રક્રિયામાં સંકળાયેલા વ્યકિતઓ માટે સંદેશો

Sponsored by CCPS Supporters

# છલકાવું + તણખો = ટેન્કફાર્મમાં આગ (ભાગ - ૧)

સપ્ટેમ્બર - ૨૦૦૯



જ્વલનશીલ પ્રવાહી ભરેલી ખુબ મોટી સ્ટોરેજ ટાંકી છલકાઇ ગઈ. પ્રવાહી ઢોળાઈ રહ્યું છે એ ત્યાં સુધી ખબર જ ન પડી, જયાં સુધી સીક્યુરીટી ગાર્ડે ખુબ જ તીવ્ર ગંધ અનુભવી. તેણે તરત જ તેના લાગતા વળગતા અધિકારીઓને જાણ કરી. બે ઓપરેટરો તરત જ ટ્રક લઈને જગ્યા ઉપર જાણકારી મેળવવા પહોંચ્યા. થોડીક મીનીટોમાં ખુબ મોટો ધડાકો થયો અને પછી આગ લાગી. એમ માનવામાં આવે છે કે ટ્રકમાંથી જ તણખો ઉત્પન્ન થયો હતો. ટેન્ક ફાર્મમાં લાગેલી આગને બુઝાવવા ઈમરજન્સી રીસ્પોન્સના માણસોને દોઢ દિવસ લાગ્યો. એક ડઝનથી વધારે કામદારોને હોસ્પિટલમાં દાખલ કરવા પડયા, અને મિલ્કતને ઘણું મોટું નુકશાન થયું. અકસ્માતનુ પૃથ્થકરણ કરતા જણાયું કે ટાંકી ભરવાનું ચાલુ હતુ ત્યારે ઓપરેટરોની જાણ બહાર ટાંકીના લેવલ ગેજ અને હાઈ લેવલ એલાર્મ ખોરવાઈ ગયા હતા. કામદારો ટાંકી ભરવાની પ્રક્રિયા ઉપર બહુ ધ્યાન આપતા ન હતા કારણ કે તેઓ એવુ માનતા હતા કે ટેન્કમાં તો હજી ઘણી જગ્યા છે.

*ઓક્ટોબર ૨૦૦૯ના બેકનમાં આ અકસ્માતમાંથી વધારે બોધ લઈશુ.*
*જેમાં મોટર વાહનને સંભવિત અગ્નિના સ્ત્રોત તરીકે ઓળખીશું.*

## શું તમે જાણો છો ?

- સંગ્રહ ટાંકીમાંથી કે બીજા પ્રોસેસ વેસલમાંથી ઉભરાવું એ પ્રોસેસ કારખાનાઓમાં થતાં મોટા અકસ્માતના કારણો પૈકી એક છે. ટેકસાસ સીટીનો અકસ્માત એ તાજેતરનું ઉદાહરણ છે. ટેકસાસ રીફાઈનરીમાં માર્ચ ૨૦૦૫માં ધડાકો (ડીસ્ટીલરી કોલમ છલકાઈ જવાથી) અને બન્સફીલ્ડ, ઈન્ગ્લેન્ડમાં ડીસેમ્બર ૨૦૦૫માં લાગેલી આગ (સ્ટોરેજ ટેન્કમાથી જ્વલનશીલ પ્રવાહી છલકાવાને કારણે).
- મોટા ભાગના છલકાવાના અકસ્માત હાઈ લેવલ ઈન્સ્ટ્રુમેન્ટ અને હાઈ લેવલ એલાર્મ ખોરવાઈ જવાથી થયા હતા.



## તમે શું કરી શકો ?

- જ્વલનશીલ પ્રવાહીની હેરફેર એ જોખમી પ્રક્રિયા છે. જેમાં કંઈપણ ગરબડ થાય તો મોટી હોનારતની શક્યતા રહેલી છે. જ્વલનશીલ પ્રવાહીની હેરફેર ઉપર ખુબ ધ્યાન આપો જેથી કરીને તમે ગળતર અને પ્રસરણને શોધી શકો અને તેનો બચાવ અને પ્રતિકાર કરી શકો.
- ટાંકી ભરતાં પહેલા ખાત્રી કરો કે ટાંકીમાં જે પ્રવાહી ભરવાનુ છે તે માટે જરૂરી જગ્યા છે. જે ટાંકીમાંથી પ્રવાહી ખાલી કરવાનું છે અને જે ટાંકી ભરવાની છે એ બંને ટાંકીના લેવલ, તાપમાન અને દબાણ ને ભરતી વખતે થોડા થોડા સમયે માપતા રહો અને આ બધામાં કોઈ બદલાવ આવે તો તેની તપાસ કરો.
- જ્યારે પણ ટાંકીમાં પ્રવાહી ભરતાં હોવ ત્યારે પ્રવાહી ભરવાના ફ્લોરેટથી અંદાજ કાઢો કે ટાંકી ભરતાં કેટલો સમય થશે, અને જો ટાંકી ભરતાં વધારે સમય લાગે તો તેનું કારણ શોધો.
- પ્રવાહી ભરવાની પધ્ધતિના એક પગલાંને પુરૂ કરો પછી જ બીજા પગલાં પર આગળ વધો. અને જરૂર જણાયતો તેની નોંધ સહી સાથે રાખો.
- તમારા પ્લાન્ટમાં મહત્વનું ઈન્સ્ટ્રુમેન્ટ અથવા એલાર્મ બગડી ગયા હોય તો તેનો તુરંત રીપોર્ટ કરો જેથી તેને સુધારી / મરમ્મત કરી શકાય.
- બગડેલાનો રીપોર્ટ કરાયેલ સાધનોનો ફોલોઅપ કરો જેથી તે સમયસર રીપેર થઈ જાય.

**પાંચ ગેલનના પાત્રમાં ૧૦ ગેલન પ્રવાહી ન ભરશો !**

AIChE © 2009. All rights reserved. Reproduction for non-commercial, educational purposes is encouraged. However, reproduction for the purpose of resale by anyone other than CCPS is strictly prohibited. Contact us at ccps_beacon@aiche.org or 646-495-1371.

The Beacon is usually available in Afrikaans, Arabic, Chinese, Danish, Dutch, English, French, German, Greek, Gujarati, Hebrew, Hindi, Hungarian, Indonesian, Italian, Japanese, Korean, Malay, Marathi, Norwegian, Persian, Polish, Portuguese, Russian, Spanish, Swedish, Thai, Turkish, and Vietnamese.